# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી                                                            તા. ૨૬-૧૨-૨૦૨૨

- **અમદાવાદની કોર્પોરેશન સંચાલીત સરકારી શાળાઓની દયનીય હાલત ! 'શિક્ષકોની ઘટ'ના કારણે બાળકો હવે કોના ભરોસે ? અંગ્રેજી માધ્યમની ૫૪ સ્કુલમાંથી ૩૬ સ્કુલમાં એક પણ કાયમી શિક્ષક નથી.**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલીત નગર પ્રાથમીક શાળાઓ પૈકી અંગ્રેજી માધ્યમની ૫૪ શાળામાંથી ૩૬ શાળાઓમાં એક પણ કાયમી શિક્ષક નથી. અંગ્રેજી માધ્યમના ૮૦૦૦ જેટલા બાળકો અને હિંદી માધ્યમના ૧૭ હજાર જેટલા બાળકોના ભવિષ્ય સાથે રમત રમતા ભાજપાના શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં કાયમી શિક્ષકોની ઘટ છે. આ સાથે સરકારી અંગ્રેજી શાળાઓમાં કાયમી શિક્ષકો નથી તો હિન્દી માધ્યમમાં પણ કાયમી શિક્ષકોની મોટી ઘટ છે. AMCની અંગ્રેજી માધ્યમની ધોરણ 1થી 5ની 36 સ્કૂલમાં એકપણ કાયમી શિક્ષક નહીં હોવાનું પણ સામે આવ્યું છે.

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં કાયમી શિક્ષકોની ઘટ સામે આવી છે. વિગતો મુજબ હાલમાં ધોરણ 1થી 5ના શિક્ષકોનો આંકડો સામે આવ્યો છે. અમદાવાદમાં ધોરણ 1થી 5ની અંગ્રેજી માધ્યમની 54 સ્કૂલ છે. 54માંથી 36 સ્કૂલોમાં એકપણ કાયમી શિક્ષક નથી. એટલે કે, AMCની અંગ્રેજી માધ્યમની ધોરણ 1થી 5ની 36 સ્કૂલમાં એકપણ કાયમી શિક્ષક નથી. સ્કૂલ બોર્ડની અંગ્રેજી માધ્યમની 54 સ્કૂલમાં 8088 બાળકો વચ્ચે માત્ર 39 કાયમી શિક્ષક છે. અંગ્રેજી માધ્યમમાં 255ના મહેકમ સામે 216 શિક્ષકોની ઘટ છે. જાહેરાતોમાં લાખો રૂપિયા ખર્ચ કરતા કોર્પોરેશનના શાસકોને ગરીબ, સામાન્ય વર્ગના બાળકોના ભવિષ્યની ચિંતા ન હોય તેમ સ્પષ્ટ જણાય છે.

હિન્દી માધ્યમમાં પણ ખૂબ ખરાબ હાલત હોવાનું સામે આવ્યું છે. હિન્દી માધ્યમમાં પણ કાયમી શિક્ષકોની મોટી ઘટ છે. કાયમી શિક્ષકો ન હોવાથી પ્રવાસી શિક્ષકોના ભરોસે બાળકો છે. જોકે અનેક સ્કૂલોમાં તો એક પણ કાયમી શિક્ષક નહિ હોવાનું સામે આવ્યું છે. એક તરફ સ્માર્ટ સ્કૂલ અને અંગ્રેજી શિક્ષણની વાતો બીજી તરફ શિક્ષકો વિનાની શાળા ચાલી રહી છે. અમદાવાદમાં હિન્દી માધ્યમમાં ધોરણ 1થી 5ની 54 સ્કૂલ છે, જેમાં 16,964 વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર 247 શિક્ષક છે, 459 શિક્ષકની મહેકમ સામે માત્ર 247 શિક્ષકો ભરોસે સ્કૂલો ચાલે છે. હિન્દી માધ્યમમાં 212 શિક્ષકોની ઘટ તો હિન્દી માધ્યમની 4 સ્કૂલ એકપણ કાયમી શિક્ષક નથી. જેને લઈ હિન્દી માધ્યમની શાળાઓ પણ પ્રવાસી શિક્ષકોના ભરોસે છે. શું આ રીતે ભણશે ગુજરાત ?

અમદાવાદ જેવા મેગા સીટીમાં અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ખૂબ ખરાબ સ્થિતિ છે. અત્યાર સુધી આદિવાસી વિસ્તારમાં શિક્ષકો નથી એવું સાંભળ્યું હતું પણ હવે તો સ્માર્ટ સિટીમાં જ શિક્ષકો નથી, ત્યારે ગ્રામ્ય વિસ્તારની અનેક શાળાઓની હાલત કેટલી કથળેલી હશે છે તે અંગે સરકાર જવાબ આપે. સરકાર બાળકોના ભવિષ્ય  સાથે ગંભીર ન હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. સરકાર ત્વરિત ધોરણે કાયમી શિક્ષકોની ભરતી કરે.

| **અંગ્રેજી માધ્યની શાળાની સ્થિતિ શું છે?** | **હિન્દી માધ્યમની શાળાની સ્થિતિ શું છે?** |
|---|---|
| અમદાવાદમાં અંગ્રેજી માધ્યમની 54 સ્કૂલમાંથી 36 સ્કૂલમાં એક પણ કાયમી શિક્ષક નથી. | AMC સ્કૂલ બોર્ડની હિન્દી માધ્યમ 54 પ્રાથમિક સ્કૂલોની ખરાબ હાલત |
| ધોરણ 1થી 5ની 36 સ્કૂલમાં એકપણ કાયમી શિક્ષક નહીં. 65 સ્કૂલમાં માત્ર 39 શિક્ષક કાયમી. | 54 સ્કૂલોમાં 16 હજાર 964 વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર 247 શિક્ષક |
| 8088 બાળકો વચ્ચે માત્ર 39 કાયમી શિક્ષક | 459 શિક્ષકની મહેકમ સામે માત્ર 247 શિક્ષકો ભરોસે ચાલે છે સ્કૂલો |
| અંગ્રેજી માધ્યમમાં 255ના મહેકમ સામે 216 શિક્ષકોની ઘટ | હિન્દી માધ્યમમાં 212 શિક્ષકોની ઘટ, 4 સ્કૂલમાં એક પણ કાયમી શિક્ષક નથી. |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા